# વિપશ્યના

સાધકોનું માસિક પ્રેરણાપત્ર

બુદ્ધવર્ષ 2560 ❖ જ્યેષ્ઠ પૂર્ણિમા ❖ 10 જૂન 2017 ❖ વર્ષ – 18 ❖ અંક – 3 ❖ સળંગ અંક - 207


## ધમ્મવાણી

वचीपकोपं रक्खेय्य वाचाय संवुतो सिया,
वचीदुच्चरितं हित्वा वाचाय सुचरितं चरे ।।१२।।

વાણીની ચંચળતાથી દૂર રહો. વાણીનો સંયમ રાખો.
વાણીના દુશ્ચરિત્રને છોડી વાણીનું સદાચરણ કેળવો.

-ધમ્મપદ

## વિપશ્યનામાં પ્રગતિનાં પાંચ સોપાન

શ્રમણ આનંદ વર્ષો સુધી ભગવાન બુદ્ધના અંગત સહાયક રહેલા. એ અગાઉ ભગવાનની પરિચર્યા કરવા માટે અન્ય કેટલાક ભિક્ષુ આ પદ પર નિયુક્તિ પામેલા, જેમાંનો એક હતો ભિક્ષુ મેઘિય.

એક વાર ભગવાન ચાલિકા પર્વત પર વિહાર કરી રહ્યા હતા ત્યારે ભિક્ષુ મેઘિય ભગવાનની આજ્ઞા લઈને જન્તુ ગામમાં ભિક્ષાટને ગયો. વળતી વખતે કિમકાલા નદીના કિનારે મનોરમ્ય આંબાવાડી આવી. તેણે જોયું કે ચોમેર લીલું કુંજાર પર્ણ-તૃણ, વૃક્ષ-વલ્લરી પુષ્પ-પરાગ સઘળું પ્રકૃતિની નયનાભિરામ સુષમા થકી આચ્છાદિત છે. સમગ્ર વનપ્રદેશમાં પલ્લવ પરિમલની, પ્રફુલ્લ કુસુમોની મધુર સુરભિ મહેકી રહી છે. રસીલાં, પરિપક્વ ફળોથી લચેલી આમ્રશાખાઓ જોઇ ફળોનો સ્વાદ ચાખ્યા વિના જ મુખમાં મીઠાશની લાળ ટપકવા લાગે છે. ભમરાના ગુંજારવ અને પંખીડાંના કલશોરની સાથોસાથ કિમકાલા નદીના કર્ણપ્રિય કલકલ નિનાદથી સંપૂર્ણ વાતાવરણ દિવ્ય સંગીતથી ઓતપ્રોત છે. શીતળ, મંદ સમીરના સ્પર્શ થકી શરીર રોમાંચિત અને ચિત્ત હર્ષવિભોર થઇ ઊઠે છે. અત્ર-તત્ર-સર્વત્ર નિસર્ગનો સૌંદર્ય-શૃંગાર વેરાએલો છે. સઘળું અત્યંત રમણીય, મનોહારી અને લોભામણું છે.

મેઘિયને લાગ્યું કે આ સ્થાન ધ્યાન-સાધના અર્થે અત્યંત ઉપયુક્ત છે; ભગવાનની આજ્ઞા લઇ અહીં જ અભ્યાસ કરું. ભગવાન પાસે આવીને આજ્ઞા માગી તો તેઓએ તેને રોક્યો. મેઘિયને એ ન ગમ્યું. બહારથી રમણીય દેખાતાં બધાં સ્થાન ધ્યાન-ભાવના માટે ઉપયુક્ત હોય જ તેવું નથી હોતું, આ બાબત મર્મજ્ઞ અધિકારી જ જાણી શકે છે. ઉપરાંત મેઘિય જેવા નવા સાધકને પ્રારંભિક અવસ્થામાં ઉચિત માર્ગદર્શન માટે એક અનુભવી કલ્યાણમિત્રના સાન્નિધ્યની અત્યંત આવશ્યકતા હતી. તેથી જ ભગવાને તેને રોક્યો. પરંતુ ભગવાનની ઇચ્છા ન હોવા છતાં આતુર મેઘિય એ સ્થાન પર એકલો સાધના કરવા ચાલ્યો ગયો.

ત્યાં તે એક વૃક્ષ નીચે સાધના કરવા બેઠો તો તેને અનહદ આશ્ચર્ય થયું કે સાધારણ રીતે ભગવાનના સાન્નિધ્યમાં ધ્યાન કરવામાં તેનું ચિત્ત જેટલું શાંત, સ્થિર, સજાગ અને વિમલ રહેતું, તેવું અહીં બિલકુલ ન હતું. જરુર એ સ્થાન પર કોઈ દૂષિત તરંગોનો દુષ્પ્રભાવ હશે, જેને લીધે તેના માનસપટ પર વારંવાર કલુષિત પાપતરંગોના સંકલ્પ-વિકલ્પ, વિચાર-વિતર્ક ઊઠવા લાગ્યાઃ ક્યારેક પ્રબળ કામવાસનાનાં વિકરાળ મોજાં ઊઠતાં તો ક્યારેક દ્વેષ-દૌર્મનસ્ય અને ઘૃણા-ક્રોધના ઝંઝાનીલ વહેવા લાગતા. તેનું માનસ મલીન તરંગોથી ઉદ્વિગ્ન અને આંદોલિત થઈ ઊઠ્યું. તેને સમજાતું ન હતું કે આ સ્થિતિમાં કરવું શું? ત્યાં કોઈ માર્ગદર્શક પણ ન હતો. વ્યાકુળ થઈને સાંજે પાછો ફર્યો ત્યારે ભગવાન સમક્ષ પોતાની આપવીતી સંભળાવી. તે વખતે ભગવાને આપેલો ઉપદેશ પ્રત્યેક શિખાઉ સાધક માટે અત્યંત મહત્ત્વપૂર્ણ અને અનુકરણીય છે. ભગવાને કહ્યું કે જે સાધક હજુ ચિત્તવિમુક્તિમાં પરિપક્વ નથી થયો, તેના માટે પાંચ બાબત અત્યંત અપેક્ષિત છેઃ-

(1) તેણે કોઇ કલ્યાણમિત્રનું સાન્નિધ્ય તથા માર્ગદર્શન પ્રાપ્ત કરવું જોઇએ.

(2) તેણે અનિવાર્યપણે શીલપાલન કરવું જોઇએ. લેશમાત્ર શીલભંગ થવામાં તેણે ઘોર અનર્થ જાણવો જોઇએ. શીલપાલન સાધનાની આધારશિલા છે, પાયો છે. શીલપાલનમાં પરિપક્વ થયા વિના કોઈ સાધનામાં પરિપક્વ થઈ શકે નહીં.

(3) તેણે એવી ધર્મચર્ચામાં જ રુચિ દાખવવી જોઇએ, જે ચિત્ત પરથી મેલ ઉતારવામાં, વિષયો પ્રત્યે વિરક્તિ-વિકર્ષણ જગાવવામાં, દુઃખોનો નિતાંત નિરોધ કરવામાં, વિકારોનું પૂર્ણ ઉપશમન કરવામાં સહાયક હોય; જેમ કે અલ્પેચ્છ કથા, સંતુષ્ટિ કથા, વિવેક કથા, નિઃસંગ કથા, પુરુષાર્થ કથા, શીલ કથા, સમાધિ કથા, પ્રજ્ઞા કથા, વિમુક્તિ કથા તેમ જ જ્ઞાન-દર્શન-અનાવરણ કથા; એવી ધર્મકથાઓ જેના થકી માર્ગદર્શન, પ્રેરણા તથા ઉત્સાહ પ્રાપ્ત થાય; જેના થકી આશંકાઓ-કુશંકાઓ દૂર થાય, મન સ્થિર થાય, શ્રદ્ધા દૃઢ થાય અને પરિણામસ્વરૂપ અપવિત્રતા, પીડા તેમ જ વિકલતાઓથી છુટકારો પામીને વિરજ-વિમલ થઈ શકાય.

(4) તેણે દૃઢ પુરુષાર્થમાં લાગી જવું જોઇએ-અકુશળથી મુક્ત થઈ કુશળમાં સંપન્ન થવાના પુરુષાર્થમાં. સાધના માટે જે વિધિ પોતાના કલ્યાણમિત્ર પાસેથી મળી છે, તેના અભ્યાસમાં સ્થિરતા લાવીને જ્યાં લગી ચિત્તવિશુદ્ધિ અને વિમુક્તિના અંતિમ લક્ષ્ય સુધી ન પહોંચી જવાય ત્યાં લગી સ્વેચ્છાએ ધારણ કરેલી આ અભ્યાસ-ધુરાને પોતાના ખભેથી ઉતારી નાખ્યા વિના દૃઢ પરાક્રમમાં સંલગ્ન અને સ્થિર રહેવું જોઇએ.

(5) તે શ્રવણ-પઠનવાળી શ્રુતપ્રજ્ઞા અથવા તર્ક-વિતર્કવાળી ચિંતનપ્રજ્ઞા સુધી જ સીમિત રહી ન જાય, બલ્કે, પોતાની ભીતર સ્વાનુભૂતિજન્ય ભાવનામયી પ્રજ્ઞા જગાડે-એવી કુશાગ્ર, તીક્ષ્ણ, વિંધનારી પ્રજ્ઞા જે સ્થૂળ શરીરસ્કંધ અને ભાવાવેશવિહારી ચિત્તસ્કંધના ટુકડે ટુકડા કરીને તેની સૂક્ષ્માતિસૂક્ષ્મ સચ્ચાઇઓને અનાવૃત્ત કરી દે. ક્ષણ-ક્ષણ ઉદય અને અસ્ત, ઉત્પાદ-વ્યય થનારી સૂક્ષ્મ સચ્ચાઇઓનું

દર્શન કરાવનારી આર્યપ્રજ્ઞા એવો આલોક જગાવે, જેથી કરીને અજ્ઞાન અને અવિદ્યાનું ધુમ્મસ હટી જાય અને દુઃખક્ષય રૂપી નિર્વાણનો સ્વતઃ સાક્ષાત્કાર થઈ જાય.

પોતાના કલ્યાણમિત્રના સહયોગ અને સહકાર દ્વારા ઉપરોક્ત પ્રકારે અભ્યાસ કરતાં કરતાં સાધક પોતાનું કલ્યાણ સાધે. આગળ ઉપર ભગવાને કહ્યું કે જ્યારે જ્યારે ચિત્તધારા પર રાગ જાગે ત્યારે ત્યારે અશુભભાવના અર્થાત્ શરીરની ગંદકીની ભાવના કરવી જોઇએ; જ્યારે જ્યારે દ્વેષ જાગે ત્યારે ત્યારે મંગલમૈત્રીની અને જ્યારે જ્યારે વિચાર-વિતર્ક જાગે ત્યારે ત્યારે આનાપાનસતિ એટલે કે શ્વાસ-ઉચ્છ્વાસ પ્રત્યે સજગતાની ભાવના કરવી જોઇએ તેમ જ જ્યારે જ્યારે અસ્મિતાભાવ અર્થાત્ અહંકાર જાગે ત્યારે ત્યારે અનિત્યની ભાવના કરવી જોઇએ.

"હું" અને "મારું" નો આ મિથ્યા અહંભાવ જ રાગ-દ્વેષને જન્મ આપે છે, જેને લીધે ચિત્તધારા પર વિવિધ પ્રકારના વિચાર-વિતર્ક તેમ જ વિકૃતિ-વિકારોની વણજાર ચાલવા લાગે છે. તેથી ચિત્તવિમુક્તિની સાધનામાં અહંભાવ, આત્મભાવને નષ્ટ કરવા પર સૌથી વધુ ભાર મૂકવામાં આવે છે. અહંકારનાં મૂળ ઉખેડ્યા વિના અન્ય વિકારોનાં મૂળ ઉખેડી શકાતાં નથી. તેથી **उदयत्यगामिनी या पञ्ञाय समन्नागतो अरियाय निब्बेधिकाय** ને આટલું મહત્ત્વ અપાયું છે. એવી વિંધનારી પ્રજ્ઞા, જે ઉદય-વ્યયવાળા અનિત્ય સ્વભાવનો સાક્ષાત્કાર કરાવે છે. આ અનિત્ય-સંજ્ઞા-પ્રબોધિની પ્રજ્ઞા જ સાધકના આત્મભાવ પર કુઠારાઘાત કરે છે. અનિત્યસંજ્ઞી સાધક જ અનાત્મ એટલે કે અહંશૂન્યતાની સચ્ચાઇઓમાં પ્રતિષ્ઠિત થાય છે; અને અનાત્મસંજ્ઞી સાધક જ અસ્મિતાભાવની સઘળી અવિદ્યાનો સમુચ્છેદ કરે છે, તેનાં મૂળ ઉખેડી નાખે છે અને નિર્વાણનો સાક્ષાત્કાર કરે છે. કેવા આશ્વાસનભર્યા શબ્દોમાં ભગવાને આ કલ્યાણી "અનિત્ય સાધના"ની મંગલ ઘોષણા કરી છેઃ-

**अनिच्चसञ्ञियो हि मेधिय, अनत्तसञ्ञा सण्ठाति,**
**अनत्तसञ्ञी अस्मिमान समुग्घातं पापुणाति दिट्ठेव धम्मे निब्बानं॥**

આપણે તો અનિત્યને અનિત્ય તરીકે જોતાં જ નથી. સંપૂર્ણ ઐન્દ્રિય જગત અનિત્ય છે. પરંતુ આપણે તો પાંચ ઇન્દ્રિયદ્વારો પર સદા વિષયોનું સ્વાગત કરતાં રહીએ છીએ, તેને નિત્ય જ માનીને તેનો ઉપભોગ કરતાં રહીએ છીએ. કદિક કોઇ મનોહર રૂપ જોઇએ છીએ તો કદિક કોઇ મનોહર ગંધ સૂંઘીએ છીએ, કદિક કોઇ મનોહર શબ્દ સાંભળીએ છીએ તો કદિક કોઇ મનોહર રસ ચાખીએ છીએ, તો વળી કદિક કોઇ મનોહર સ્પર્શ માણીએ છીએ; અને જ્યારે પણ આંખ બંધ કરીને સાધના કરવા બેસીએ છીએ તો એ મનોહર રૂપ, ગંધ, શબ્દ, રસ તથા સ્પર્શની મીઠી યાદ માનસપટ પર છવાય છે. કદાચ કોઈ રૂપ, ગંધ, શબ્દ, રસ કે સ્પર્શની પોતે અનુભૂતિ ન પણ કરી હોય અને કેવળ તેનું વર્ણન વાંચ્યું કે સાંભળ્યું હોય તો તેની કલ્પના કે કામના ચિત્તધારા પર વહેવા લાગે છે. મનોહર વિષયોની સ્વાનુભૂતિજન્ય યાદ હોય કે શ્રુતિજન્ય કલ્પના, તેનું ચિંતન-મનન જે તે વિષયોના પ્રત્યક્ષ ઉપભોગ જેટલું જ પ્રિય લાગે છે. હાલ કોઇ પણ ઐન્દ્રિય વિષય ઉપસ્થિત ન હોય, કેવળ તેની યાદ કે કલ્પના હોય, છતાં પણ ચિત્તધારા પર તેના ચિંતનના **खुद्दक-खुद्दक** એટલે કે ક્ષુદ્ર-ક્ષુદ્ર, ઝીણા-ઝીણા અને **सुखुमा-सुखुमा** એટલે કે સૂક્ષ્મ-સૂક્ષ્મ તરંગો ઊઠવા લાગે છે. ચિત્તધારા પર ઉત્પન્ન થયેલા આ નાના-નાના, સૂક્ષ્મ-સૂક્ષ્મ વિચાર-વિતર્કના તરંગો શરીરસ્કંધ પર નાની-નાની, સૂક્ષ્મ-સૂક્ષ્મ સંવેદનાઓનું સ્પંદન પેદા કરે છે જે આપણને અત્યંત પ્રિય લાગે છે. આ સૂક્ષ્મ સ્તરે થનારા પુલક રોમાંચનો આપણે આનંદ માણવા લાગીએ છીએ અને તેના પ્રત્યે જ સર્વાધિક **नन्दीराग** જાગે છે.

આપણે રાગરંજિત થઇ આ સૂક્ષ્મ સંવેદનાઓનું અંધાનુકરણ કરવા લાગીએ છીએ. એ સુખદ અનુભૂતિમાં જરા સરખી પણ બાધા આવે અથવા બાધા આવવાની જરા સરખી પણ આશંકા જાગે તો મનમાં બેચેની થવા લાગે છે, ગભરાટ પેદા થવા લાગે છે. એ સુખનું વિરોધી ભાસતું સઘળું-વ્યક્તિ, વસ્તુ કે પરિસ્થિતિ-અત્યંત અપ્રિય લાગવા માંડે છે અને પરિણામે તેના પ્રતિ દ્વેષ-દ્રોહ જાગે છે. આ રાગ-રંજન તથા દ્વેષ-દૂષણથી ચિત્ત ભ્રાંત થઈ ઊઠે છે અને જ્યાં-ત્યાં ભટકે છે, અશાંત થઈ જાય છે. આ બધું એટલા માટે થાય છે કે જ્યારે જ્યારે શરીર અને ચિત્તધારા પર આ નાના-નાના, સૂક્ષ્મ-સૂક્ષ્મ તરંગો ઊઠે છે ત્યારે ત્યારે તેમના પ્રતિ આપણે **अविद्वा** અર્થાત્ અસંવેદનશીલ રહીએ છીએ, અજાણ્યા રહીએ છીએ. ચિત્ત ક્યારે રાગરંજિત થઈને એ તરંગોની પાછળ પાછળ ચાલવા લાગ્યું, ક્યારે **उप्पिलावा** ઉત્ફુલ્લ-પ્રફુલ્લ થવા લાગ્યું તેનું આપણને જરા પણ ભાન નથી રહેતું. અને ફલસ્વરૂપ વાત આગળ વધતાં વધતાં વ્યાકુળતાની હદે આવી જાય છે.

આને રોકવા અર્થે જ વિપશ્યના-સાધના અર્થાત્ વિંધનારી પ્રજ્ઞા છે જે આપણામાં એવી યોગ્યતા જગાવે છે કે આપણે એ સૂક્ષ્મ અવસ્થામાં ઊઠનારા નાના-નાના તરંગોને તેના ખરા સ્વભાવમાં જાણી શકીએ અને અનાસક્તભાવે જોઇ શકીએ. શો છે તેનો ખરો સ્વભાવ? એ છે **उदयत्य** અર્થાત્ ઉદય-અસ્ત, ઉત્પાદ-વ્યય, ઉત્પત્તિ-લય. પ્રત્યેક તરંગ અસ્ત થવા માટે જ ઉદિત થાય છે. જ્યારે આપણને આ નાના-નાના તરંગોના અનિત્ય સ્વભાવની સચ્ચાઇનો બોધ થવા લાગે છે, ત્યારે મિથ્યા આનંદથી વિભોર થઇ તેની પાછળ આંધળી દોટ મૂકવાની આદતમાંથી છુટકારો થાય છે. અને આવી આંધળી દોટ નથી હોતી તો આ રસતરંગો બળવાન નથી થતા, તે આપોઆપ ક્ષીણ થવા લાગે છે. આ જ ખરા અર્થમાં મનનો સંવર છે જેમાં દમન નથી કેવળ સાક્ષીભાવે જોવાનું છે, સચ્ચાઇ પ્રત્યે જાગ્રત રહેવાનું છે, અનિત્ય સ્વભાવ પ્રત્યે સચેત-અપ્રમત્ત રહેવાનું છે. આ અભ્યાસ કરવાથી અંધાપામાં પેદા થયેલા બધા વિકાર સહજપણે છૂટી જાય છે, ચિત્તધારા વિરજ-વિમલ થઈ જાય છે. આ જ વિપશ્યના સાધનાનો અભ્યાસ છે. આ વાતનો સંકેત કરતાં ભગવાને તે વખતે આ ઉદાન વચન કહ્યાંઃ

**खुद्दा वितक्का, सुखुमा वितक्का, अनुग्गता मनसो उप्पिलावा।**
**एते अविद्वा मनसो वितक्के, हुराहुरं धावति भन्तचित्तो॥**
**एते च विद्वा, मनसो वितक्के, आतापियो संवरति सतिमा।**
**अनग्गते मनसो उप्पिलावे, असेसमेते पजहाति बुद्धो॥**

આ નાના-નાના વિચાર-વિતર્ક પેદા થતાં મન તેની પાછળ લાગી જાય છે અને આનંદથી ફૂલી ઊઠે છે. આ સૂક્ષ્મ-સૂક્ષ્મ, નાના-નાના વિચાર-વિતર્કો અને તેનાથી ઉત્પન્ન થતી સંવેદનાઓ પ્રત્યે જ્યારે કોઈ **अवेद्य** એટલે કે અવેદનશીલ અથવા અજાણ રહે છે તો ચિત્ત ભ્રાંત થઈને જ્યાં ત્યાં દોડ્યા કરે છે.

પરંતુ જ્યારે કોઈ સાધક સાધનારત થઈ સજાગ રહીને **विद्वा** એટલે કે સંવેદનશીલ બની જાય છે તો મનનો સંવર કરી લે છે. એવો શુદ્ધ-બુદ્ધ સાધક આનંદ પાછળ દોડનારા મનનો પૂર્ણ રીતે ત્યાગ કરી દે છે.

આવો, ભગવાન તથાગતે સંક્ષેપમાં કહેલા આ ઉપદેશને સમજીએ અને તેનું પાલન કરીએ. અનિત્ય પ્રત્યે સજાગ, સુબોધ રહેવામાં જ બધાંનું મંગલ સમાએલું છે.

॥भवतु सब्ब मङ्गलं॥

**- કલ્યાણમિત્ર સત્યનારાયણ ગોયન્કા**

કુલ કેટલી શિબિર કરી ? : ________

| ૧૦ દિ. | ૨૦ દિ. | ૩૦ દિ. | ૪૫ દિ. | સતિ પટ્ઠાન | સેવા ૧૦ દિ. | સેવા ૨૦ દિ. |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |

આપ કયા ક્ષેત્રમાં પારંગત છો ? ________

આપ કયા પ્રકારની સેવા આપવા ઇચ્છો છો? ________

કોઇ વખત વિશેષ ધમ્મસેવાની જરૂરત હોય તો આપનો સંપર્ક કરી શકાય ? ________

તારીખ : ________ સહી : ________

**ધમ્મકોટ કેન્દ્ર તથા સીટી ઓફિસના ફોન નંબર**

**ધમ્મકોટ કેન્દ્ર :**

૦૨૮૧ - ૨૯૨૪૯૨૪, ૨૯૨૪૯૪૨
મો.: ૯૩૨૭૯ ૨૩૫૪૦
૭૮૭૮ ૭૨૭૨ ૪૦

**સીટી ઓફિસ :**

૦૨૮૧ - ૨૨૩૩૬૬૬
મો.: ૭૮૭૮ ૭૨૭૨ ૨૩
૯૪૨૭૨ ૨૧૫૯૧

## ધમ્મસેવક કાર્યશાળા

ધમ્મકોટ કેન્દ્ર પર ધમ્મસેવક કાર્યશાળાનું આયોજન કરેલ છે.
તા. ૨૨–૭–૨૦૧૭ સવારે ૧૦–૦૦ કલાકથી
તા. ૨૩–૭–૨૦૧૭ સાંજે ૦૫–૦૦ કલાક સુધી
કાર્યશાળામાં ધમ્મસેવા અંગે ખૂબ મહત્ત્વનું માર્ગદર્શન આપવા માટે વરિષ્ઠ આચાર્યશ્રી અરૂણ સૂર્યવંશીજી (નાસિક) તેમ જ શ્રી મહેન્દ્ર કોલતેજી (ધમ્મગિરિ) થી પધારવાના છે. ગયા વર્ષે તેઓએ ધમ્મઅંબિકા કેન્દ્રમાં યોજાયેલ ધમ્મસેવક કાર્યશાળામાં આપેલ માર્ગદર્શન ખૂબ પ્રેરણાદાયી રહેલ.

જે સાધકો ધમ્મસેવામાં સક્રિય રીતે જોડાયેલ હોય તેમ જ જોડાવા ઇચ્છુક હોય તેઓ આ કાર્યશાળામાં જરૂરથી ભાગ લે. રજીસ્ટ્રેશન માટે મો.: ૭૮૭૮ ૭૨૭૨ ૨૩, બહારગામના સાધકો સંભવ હોય તો તા. ૨૧–૭–૨૦૧૭ ના રોજ સાંજે કેન્દ્ર પર પહોંચી જાય.

## ગુજરાત વિપશ્યના કેન્દ્ર - ૨૦૧૭-૧૮ શિબિરોની માહિતી

### ધમ્મકોટ

C/o. ભાભા ડાઇનિંગ હોલ, પંચનાથ રોડ, રાજકોટ–૧.
રજિસ્ટ્રેશન – સમય ૧૦ થી ૧ અને ૪:૩૦ થી ૭
સંપર્ક ::
Ph.: 0281-2233666,
M : 78 78 72 72 23,
Ph.: 0281-2924942,
M : 93279 23540,
E-mail : dhammakot@gmail.com

28-06 to 09-07-17
26-07 to 06-08-17
12-08 to 23-08-17
30-08 to 10-09-17
13-09 to 24-09-17
27-09 to 08-10-17

**ફક્ત જૂના સાધકો માટે**

**10 DAYS SPL.**
10-07 to 21-07-17

**STP**
12-07 to 20-07-17

**3 DAYS**
24-08 to 27-08-17
12-10 to 15-10-17

### ધમ્મ અંબિકા

નવસારી–બિલિમોરા થી ૧૫ કિ.મી., N.H. નં.–૮ બોરિયાચ ટોલનાકાથી 2km પશ્ચિમે, ગામ : વગલવાડ, તા.: ગણદેવી. સંપર્ક :
Mo : 78784 60961,
Mo : 95865 82660,
94281 60714,
98250 44536. E-mail : info@ambika.dhamma.org

03-07 to 14-07-17
15-07 to 26-07-17
12-08 to 23-08-17
29-08 to 09-09-17
10-09 to 21-09-17

**ફક્ત જૂના સાધકો માટે**

**STP**
02-08 to 10-08-17

**10 DAYS SPL.**
31-07 to 11-08-17
20-12 to 31-12-17

**3 DAYS**
27-07 to 30-07-17
24-08 to 27-08-17

### ધમ્મસિંધુ-બાડા

C/o. શ્રી ઈશ્વરલાલ ચુ. શાહ, પ્રો. કે. ટી. શાહ રોડ, માંડવી. કચ્છ–૩૭૦ ૪૬૫,
સંપર્ક :
Ph.: 02834-273303,
M : 78746 23305,
99256 74104
E-mail : info@sindhu.dhamma.org

02-07 to 13-07-17
16-07 to 27-07-17
30-07 to 10-08-17
16-08 to 27-08-17

**ફક્ત જૂના સાધકો માટે**

**3 DAYS**
12-08 to 15-08-17
09-09 to 12-09-17

**20 DAYS**
16-09 to 07-10-17

**30 DAYS**
16-09 to 17-10-17

**STP**
05-11 to 16-11-17

### ધમ્મપીઠ

ગુર્જર વિપશ્યના કેન્દ્ર–ધમ્મપીઠ અમદાવાદ
રનોડા તા. ધોળકા, જિ. અમદાવાદ – ૩૮૦ ૮૧૦
સંપર્ક :
Ph.: 02714-294690,
M : 94264 19397
E-mail : info@pitha.dhamma.org

05-07 to 16-07-17
19-07 to 30-07-17
02-08 to 13-08-17
16-08 to 27-08-17
30-08 to 10-09-17
27-09 to 08-10-17
16-10 to 27-10-17
06-12 to 17-12-17
20-12 to 31-12-17

**ફક્ત જૂના સાધકો માટે**

**STP**
13-09 to 21-09-17

**30 DAYS**
30-10 to 30-11-17

### ધમ્મ દિવાકર

C/o. ઉપેન્દ્રકુમાર પટેલ, ૭–અપના બજાર, વિમલ સુપર માર્કેટ, બી.કે. રોડ, મહેસાણા. (ઉ.ગુ.)–૩૮૪ ૦૦૨.
સંપર્ક :
Ph.: 02762-272800, 254634, 252345
M : 94292 33000.
E-mail : info@divakara.dhamma.org

12-07 to 23-07-17
26-07 to 06-08-17
09-08 to 20-08-17
23-08 to 03-09-17
06-09 to 17-09-17
18-09 to 29-09-17
04-10 to 15-10-17
21-10 to 01-11-17
03-11 to 14-11-17
15-11 to 26-11-17
29-11 to 10-12-17

**ફક્ત જૂના સાધકો માટે**

**3 DAYS**
30-06 to 02-07-17

### ધમ્મપાલિ

ગામઃ ટોડી, સોનગઢ–પાલીતાણા રોડ, જી. ભાવનગર.
સંપર્ક :: **ધમ્મપાલી કેન્દ્ર :**
M : 7878103636
M : 97149 11913
M : 97149 10913
**સિટી ઓફીસ :**
Ph. 0278 - 2521066,
M : 88 66 71 3636
E-mail : dhammapali15@gmail.com

28-06 to 09-07-17
16-07 to 27-07-17
13-08 to 24-08-17

**ફક્ત જૂના સાધકો માટે 3 DAYS**
06-07 to 09-07-17

### ધર્મજ

હેમંતભાઈ પટેલ સંપર્ક :
Ph.: 02697- 245460, 245302
M : 94265 00765.
દિપકભાઇ સંપર્ક : M.94289 00794
Time 10.00am to 5.30 pm
E-mail : vipassana.dharmaj@gmail.Com

11-08 to 22-08-17
29-10 to 09-11-17
**1 - DAY** - 09-07-2017

**3 - DAYS**
08-09 to 11-09-17

**નોંધ : શિબિરના દિવસે ધમ્મકોટ જવા માટે બપોરે : ૨.૩૦ કલાકે રાજકોટ-વિપશ્યના સિટિ ઓફિસથી વાહન મળશે.**

**શિબિરમાં આવનાર પ્રત્યેક વ્યકિતએ પાસપોર્ટ સાઇઝ ફોટો અને ફોટો આઇડી (ફોટો ઓળખપત્ર) લાવવું ફરજીયાત છે.**

ધમ્મસેવકોની કાર્યશાળા તથા જૂના સાધકોનો સેમિનાર

તા. ૨૨ જુલાઈ ૨૦૧૭ સવારે ૧૦ વાગ્યાથી તા. ૨૩ જુલાઈ ૨૦૧૭ સાંજે ૫-૦૦ વાગ્યા સુધી રહેશે. આપનું આવેદન પત્ર વહેલું મોકલી આપવા વિનંતી. જેથી આપને સંમતિપત્ર મોકલી શકાય.

આવેદનપત્રમાં માહિતી ભરીને સિટિ ઓફિસ પોસ્ટ દ્વારા અથવા 7878 7272 23 નંબર ઉપર ફોટો પાડી વોટસ્એપ પણ કરી શકો છો.

## જૂના સાધકો માટેના સેમિનારનું આવેદન પત્ર

હું તા : ૨૨-૭-૧૭ થી તા. : ૨૩-૭-૧૭ સુધી આવવા ઇચ્છું છું.

પૂરું નામ : ____________________

ઉંમર : __________ પુરુષ/સ્ત્રી : __________ શિક્ષણ : __________

સરનામું : ____________________

____________________

____________________

ફોન : __________ મોબાઈલ : __________ ઈ-મેઈલ : __________

વ્યવસાય (નોકરી/ધંધો/વિદ્યાર્થી) કંપનીનું નામ : __________

હોદ્દો : __________ નોકરી/ધંધાની વિગત : __________

## ધમ્મસેવકો,સાધકોની કાર્યશાળા/સંમેલન, ૨૦૧૭

સ્નેહી શ્રી, ધર્મબંધુ / બહેન,

નમસ્કાર. આશા છે કે આપ સ્વસ્થ હશો અને સાધનામાં નિયમિત હશો. આપ જાણતાં જ હશો કે છેલ્લા ઘણા સમયથી વિપશ્યના પરિવાર પૂ. ગુરુજીના સંકલ્પ 'બહુજન હિતાય બહુજન સુખાય' ની પૂર્તિ અર્થે ધર્મ પ્રસારના અભિયાનને આગળ વધારવાની સેવા સારી રીતે કરવા પ્રયત્નશીલ છે. અનેક સાધક ભાઈ-બહેનોના સક્રિય સહયોગના પરિણામસ્વરૂપ સૌરાષ્ટ્રમાં ધર્મ પ્રસારનું કામ સારી રીતે ધર્મ સેવકો કરી રહ્યા છે.

નિઃસ્વાર્થ સેવા (સ્વાર્થ રહિત સેવા) :

નિઃસ્વાર્થ સેવા ધર્મના રસ્તે ચાલવા માટેનું એક મહત્ત્વપૂર્ણ અંગ છે, એક અનિવાર્યતા છે. ધર્મની અદ્‌ભુત (દિવ્ય) વિધિ શીખવનાર પ્રત્યે અગાધ કૃતજ્ઞતાનો ભાવ તો જાગે જ છે. આવા સહૃદયતાપૂર્ણ અને કરુણાના ભાવોથી એવી ઇચ્છા ઉત્પન્ન થાય છે કે કેવી રીતે બીજાને દુઃખોથી વિમુક્તિ અપાવવામાં હું મદદ કરું.

ખરેખર તો બીજાની નિઃસ્વાર્થ સેવાથી જ આપણે આપણી (પોતાની) સેવા પણ કરીએ છીએ કેમ કે આનાથી દસેય પારમિતાઓનો (મહા સદ્‌ગુણોનો) વિકાસ થાય છે અને પોતાનો અહંકાર પીગળે છે. (ઓગળે છે.)

આવી ઉત્તમ ભાવના સાથે સૌરાષ્ટ્રના સાધકોનું સંમેલન તા. ૨૨-૭-૨૦૧૭ સવારે ૧૦-૦૦ કલાકે થી તા. ૨૩-૭-૨૦૧૭ સાંજે ૦૫-૦૦ કલાક સુધીનું આયોજન કરેલ છે. તા. ૨૨ ના ધર્મ સેવા કાર્યશાળા તેમજ તા. ૨૩ ના ધર્મસેવા પ્રસાર-પ્રચાર સૌરાષ્ટ્રના વિભિન્ન સ્થાનો પર ધર્મ પ્રસાર વર્ષ ૨૦૧૭-૧૮નું આયોજન.

આ સંમેલનનો લાભ લેવા આપને આગ્રહભર્યું નિમંત્રણ છે. આ સાથે સંલગ્ન ફોર્મ ભરી મોકલવા વિનંતી. જેથી સમયસર આપને સંમતિપત્ર મોકલી શકાય. સાધના સેવામાં આપણે ઉત્તરોત્તર પ્રગતિ સાધતા રહીએ એ જ મંગલ કામના...

### દોહા ધરમના

સદ્‌ગૃહસ્થ કી સંપદા, જન હિતકારી હોય ।
કર દે દૂર વિપન્નતા, મંગલકારી હોય ॥

હિંસા ચોરી ઝૂઠ તજ, ગૃહપતિ! તજ વ્યભિચાર ।
સાધ આંતરિક શાંતિસુખ, કુશલ લોક વ્યવહાર ॥

મિથ્યા યશ નિન્દા સુને, અવિચલ નિર્ભય હોય ।
ડિગે નહીં સત્પંથ સે, ગૃહપતિ સુખિયા હોય ॥

### દોહા ધરમના

હાનિ લાભ નિંદા સુયશ, સુખ દુઃખ માન અપમાન ।
ચિત્ત કિંચિત્ વિચલિત ન હો, રહે ધર્મ કા જ્ઞાન ॥

જહાં શાંતિ સમજ રહે, બોધિ શક્તિ ઉદ્યોગ ।
વહાં સદા મંગલ બસે, સુખ કા હી સંયોગ ॥

જીવન પ્રફુલ્લિત રહે, સદા બસંત બહાર ।
શીત સ્નેહ સે જબ ભરે, સદ્‌ગૃહસ્થ પરિવાર ॥

**સોલંકી મિકેનિક વર્કસ**
૪૦/W ભક્તિનગર જી.આઈ.ડી.સી., રાજકોટ-૨.
ફોન : ૦૨૮૧ - ૨૩૬૨૧૮૯ ની મંગલકામના

સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ) ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૧. વતી પ્રકાશક તથા મુદ્રક : **ચંદુભાઈ મહેતા,** મુદ્રણ સ્થાન : નાઈસ આર્ટ, ''મુક્તિરામ કોમ્પ્લેક્ષ'', રાષ્ટ્રીય શાળા મેઈન રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૧. દ્વારા રાજકોટ ખાતે પ્રકાશિત. **તંત્રી : ભરત કાપડીઆ.** વિપશ્યના (ગુજરાતી) પત્રિકાનું લવાજમ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૧. ના સરનામે, **સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટરના** નામે મ.ઓ./ચેક અથવા રોકડેથી મોકલી શકાશે. રાજકોટ સિટી ઓફિસ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ - ૧.

**વિપશ્યના 10 જૂન 2017** આ પત્રિકામાંની સામગ્રી વિપશ્યના વિશોધન વિન્યાસ, ઈગતપુરીના સૌજન્યથી તથા વિપશ્યના હિન્દી/અંગ્રેજી પત્રિકાઓના અંકોમાંથી પ્રકાશિત કરાય છે.

ચાર વર્ષનું લવાજમ : રૂા. 100/-

'વિપશ્યના' Reg-No. GUJGUJ /2000/3013
Postal Reg. No. RAJKOT/450/2015-17
(Renewed upto 31.12.2017)

Weighs less than 30 gms
Posting day-25th of every month,
Posted at Rajkot RMS - 360 001.
Write PIN CODE for Correct Delivery

If undelivered please return to :
**સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ)**
ભાભા ડાઈનીંગ હોલ, પંચનાથ રોડ, રાજકોટ - 360 001.
સિટી ઓફિસ : ફોન - (0281) 2233666 / મો : 7878 7272 23
**E-mail :** info@kota.dhamma.org / **Web site :** www.kota.dhamma.org